**ભારત - શ્રીલંકાનું સંયુક્ત નિવેદન: સહિયારા ભવિષ્ય માટે ભાગીદારીને પ્રોત્સાહન આપવું**

16 ડિસેમ્બર, 2024

ભારતના વડાપ્રધાન મહામહિમ શ્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ, મહામહિમ અનુરા કુમાર દિસાનાયકે 16 ડિસેમ્બર 2024 ના રોજ નવી દિલ્હીમાં યોજાયેલ તેમની બેઠકમાં ભારત ગણરાજ્યની મુલાકાત દરમિયાન વ્યાપક અને ફળદાયી ચર્ચાઓ કરી હતી.

2. બંને નેતાઓએ પુનઃપુષ્ટિ કરી કે ભારત-શ્રીલંકા દ્વિપક્ષીય ભાગીદારી ગાઢ સાંસ્કૃતિક અને સભ્યતા સંબંધો, ભૌગોલિક નિકટતા અને લોકો-થી-લોકોના સંબંધો પર આધારીત છે.

3. રાષ્ટ્રપતિ દિસાનાયકે 2022 માં અભૂતપૂર્વ આર્થિક સંકટ દરમિયાન અને ત્યાર પછી ભારત દ્વારા શ્રીલંકાના લોકોને આપવામાં આવેલા અવિરત સમર્થન માટે તેમના ગહન પ્રશંસા કરી હતી. સમૃધ્ધ ભવિષ્ય, વધુ તકો અને ટકાઉ આર્થિક વિકાસ માટે શ્રીલંકા લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે તેમની ગહન પ્રતિબધ્ધ્તાને યાદ રાખીને તેમણે આ ઉદ્દેશોની ઉપલબ્ધિ માટે ભારતના સતત સમર્થનની આશા રાખી હતી. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ દિસાનાયકેને ખાતરી આપી હતી કે ભારતની 'પડોશી પ્રથમ' નીતિ અને 'સાગર' અભિગમમાં શ્રીલંકાના વિશેષ સ્થાનને ધ્યાનમાં રાખીને ભારત આ બાબતે સંપૂર્ણ પ્રતિબધ્ધ છે.

4. બંને નેતાઓએ સ્વીકાર્યું કે વર્ષોથી દ્વિપક્ષીય સંબંધો ગાઢ બન્યા છે અને શ્રીલંકાના સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વધુ સહકારની ક્ષમતાને ધ્યાનમાં રાખીને, બંને નેતાઓએ ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોને બંને દેશોની જનતાની સુખાકારી માટે પરસ્પર લાભદાયી ભાગીદારીમાં આગળ વધારવાની તેમની પ્રતિબધ્ધ્તાની પુષ્ટિ કરી હતી.

**રાજકીય આદાન-પ્રદાન**

5. છેલ્લા એક દાયકામાં વધેલી રાજકીય ક્રિયાપ્રતિક્રિયાઓ અને દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે તેમના યોગદાનને સ્વીકારતા, બંને નેતાઓ નેતૃત્વ અને મંત્રી સ્તરે રાજકીય જોડાણોને વધુ તીવ્ર બનાવવા સંમત થયા હતા.

6. બંને નેતાઓએ લોકતાંત્રિક મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને તેમની સંસ્થાકીય શ્રેષ્ઠ પ્રથાઓ પર કુશળતા વહેંચવા માટે નિયમિત સંસદીય સ્તરના આદાન-પ્રદાનના મહત્વ પર ભાર મૂક્યો હતો.

**વિકાસ સહકાર**

7. બંને નેતાઓએ શ્રીલંકાને ભારત તરફથી મળેલ વિકાસ સહાયની સકારાત્મક અને પ્રભાવશાળી ભૂમિકાનો સ્વીકાર કર્યો, જેણે શ્રીલંકાના સામાજિક-આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાષ્ટ્રપતિ દિસાનાયકે હાલના ઋણનું પુનર્ગઠન કરવાનું ચાલુ હોવા છતાં પ્રોજેક્ટના અમલીકરણ માટે ભારતના સતત સમર્થનની પ્રશંસા કરી. તેમણે વધુમાં લાઈન્સ ઓફ ક્રેડિટ દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ માટે ગ્રાન્ટ સહાયતા વધારવાના ભારતના નિર્ણયને સ્વીકાર્યો છે, જેનાથી શ્રીલંકાના દેવાના બોજમાં ઘટાડો થશે.

8. લોકો લક્ષી વિકાસ ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે નજીકથી કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃ પુષ્ટિ કરતા, બંને નેતાઓ આ માટે સંમત થયા:

i. ભારતીય હાઉસિંગ પ્રોજેક્ટના તબક્કા III અને IV, 3 (ત્રણ) ટાપુઓના હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ અને સમગ્ર શ્રીલંકામાં ઉચ્ચ અસરકારક સમુદાય વિકાસ પ્રોજેક્ટ જેવા ચાલુ પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવા માટે એકસાથે કામ કરવું;

ii. ભારતીય મૂળના તમિલ સમુદાય, પૂર્વી પ્રાંત અને શ્રીલંકામાં આવેલા ધાર્મિક સ્થળોના સૌર વીજળીકરણ માટે પ્રોજેક્ટના સમયસર અમલીકરણ માટે સંપૂર્ણ સમર્થન વધારવું;

iii. શ્રીલંકા સરકારની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ અનુસાર વિકાસ ભાગીદારી માટે નવા પ્રોજેક્ટ અને સહકારના ક્ષેત્રોને ઓળખવા.

**તાલીમ અને ક્ષમતા નિર્માણ**

9. શ્રીલંકામાં ક્ષમતા નિર્માણ સહાયને વધારવામાં અને શ્રીલંકામાં વિવિધ ક્ષેત્રોમાં કસ્ટમાઇઝ કરેલ તાલીમ અને ક્ષમતા નિર્માણની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ભારતની ભૂમિકાને રેખાંકિત કરવું, નેતાઓ:

i. ભારતમાં નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ દ્વારા પાંચ વર્ષના સમયગાળામાં મંત્રાલયો અને વિભાગોમાં 1500 શ્રીલંકાના નાગરિક કર્મચારીઓની કેન્દ્રિત તાલીમનું આયોજન કરવા સંમત થયા; અને

ii. શ્રીલંકાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અન્ય વિસ્તારો વચ્ચે નાગરિક, સંરક્ષણ અને કાનૂની ક્ષેત્રોમાં શ્રીલંકા અધિકારીઓ માટે વધુ તાલીમ કાર્યક્રમોની ઓળખ કરવા માટે પ્રતિબદ્ધ છે.

**ઋણનું પુનર્ગઠન**

10. રાષ્ટ્રપતિ દિસાનાયકે 4 બિલિયન USD ડોલર મૂલ્યના કટોકટી ધિરાણ અને ફોરેક્સ સપોર્ટ સહિત અનન્ય અને બહુપક્ષીય સહાય દ્વારા શ્રીલંકાના અર્થતંત્રને સ્થિર કરવામાં ભારતના સમર્થન બદલ વડા પ્રધાન મોદીનો આભાર માન્યો હતો. તેમણે શ્રીલંકાના ઋણ પુનર્ગઠન પ્રક્રિયામાં ભારતની નિર્ણાયક સહાયતા સ્વીકારી, જેમાં સત્તાવાર ધિરાણકર્તા સમિતિ (OCC)ના સહ-અધ્યક્ષ તરીકેનો સમાવેશ થાય છે, જે સમયસર રીતે ઋણ પુનર્ગઠન ચર્ચાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે નિમિત્ત બની છે. તેમણે વર્તમાન ક્રેડિટ લાઇન્સ હેઠળ પૂરા થયેલા પ્રોજેક્ટ માટે શ્રીલંકા તરફથી બાકી ચૂકવણીની પતાવટ કરવા માટે USD 20.66 મિલિયનની નાણાકીય સહાય આપવા બદલ ભારત સરકારનો વધુમાં આભાર માન્યો હતો, જેનાથી નિર્ણાયક સમયે દેવાના બોજમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. શ્રીલંકા સાથેના નજીકના અને વિશેષ સંબંધો પર ભાર મૂકતા વડાપ્રધાન મોદીએ જરૂરિયાતના સમયે અને આર્થિક પુનઃપ્રાપ્તિ અને સ્થિરતા અને શ્રીલંકાના લોકો માટે સમૃદ્ધિની શોધમાં દેશને સતત સમર્થન આપવાનો પુનરોચ્ચાર કર્યો. નેતાઓએ અધિકારીઓને ઋણ પુનર્ગઠન પર દ્વિપક્ષીય MoU પર ચર્ચાઓને અંતિમ રૂપ આપવાની સૂચના આપી હતી.

11. બંને નેતાઓ સંમત થયા છે કે વિવિધ ક્ષેત્રોમાં રોકાણ આધારિત ભાગીદારી માટે ઋણ-સંચાલિત પદ્ધતિઓમાંથી વ્યૂહાત્મક પરિવર્તન શ્રીલંકામાં આર્થિક પુનઃપ્રાપ્તિ, વિકાસ અને સમૃદ્ધિ માટે વધુ ટકાઉ માર્ગ સુનિશ્ચિત કરશે.

**જોડાણ બનાવવું**

12. નેતાઓએ વધુ જોડાણના મહત્વ પર ભાર મૂક્યો અને બંને અર્થતંત્રો વચ્ચે પૂરકતાની હાજરીને સ્વીકારી જેનો બંને દેશોના આર્થિક વિકાસ અને વૃદ્ધિ માટે ઉપયોગ કરી શકાય. આ સંદર્ભમાં:

i. નાગાપટ્ટિનમ અને કંકેસંથુરાઇ વચ્ચે પેસેન્જર ફેરી સેવા ફરી શરૂ થવા પર સંતોષ વ્યક્ત કરતા, તેઓ સંમત થયા કે અધિકારીઓએ રામેશ્વરમ અને તાલાઈમન્નાર વચ્ચે પેસેન્જર ફેરી સેવાને વહેલી તકે શરૂ કરવા માટે કામ કરવું જોઈએ.

ii. શ્રીલંકામાં કંકેસંથુરાઇ બંદરના પુનર્વસન પર સંયુક્ત રીતે કામ કરવાની શક્યતાઓ શોધવી, જે ભારત સરકારની ગ્રાન્ટ સહાયથી અમલમાં આવશે.

**ઉર્જા વિકાસ**

13. ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા અને લોકોની મૂળભૂત જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિશ્વસનીય, વ્યાજબી અને સમયસર ઉર્જા સંસાધનોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, બંને નેતાઓએ ઉર્જા ક્ષેત્રમાં સહકારને મજબૂત બનાવવાનું અને ભારત અને શ્રીલંકા વચ્ચે ચાલુ ઉર્જા સહકાર પ્રોજેક્ટના સમયસર અમલીકરણ માટે સુવિધા આપવાનું મહત્વ સમજાવ્યું. આ સંદર્ભમાં, નેતાઓ આ માટે સંમત થયા:

i. સામપુરમાં સૌર ઊર્જા પ્રોજેક્ટના અમલીકરણ માટે પગલાં લેવા અને શ્રીલંકાની જરૂરિયાતો મુજબ તેની ક્ષમતામાં વધુ વધારો કરવો.

ii. વિવિધ દરખાસ્તો પર વિચારણા ચાલુ રાખવી જે ચર્ચાના વિવિધ તબક્કામાં છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

(a) ભારતમાંથી શ્રીલંકામાં જતો LNG નો પુરવઠો.

(b) ભારત અને શ્રીલંકા વચ્ચે ઉચ્ચ ક્ષમતાવાળા પાવર ગ્રીડ ઇન્ટરકનેક્શનની સ્થાપના.

(c) ભારત, શ્રીલંકા અને UAE વચ્ચે વ્યાજબી અને વિશ્વસનીય ઊર્જાના પુરવઠા માટે ભારતથી શ્રીલંકા સુધી મલ્ટી-પ્રોડક્ટ પાઇપલાઇન અમલમાં મૂકવા માટે સહકાર.

(d) પાલ્ક સ્ટ્રેટ્સમાં અપતટીય પવન ઊર્જા સંભવિતતાનો સંયુક્ત વિકાસ, અને પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિ સહિત પર્યાવરણીય સંરક્ષણને પ્રાથમિકતા આપવી.

14. ટ્રાઈનકોમેલી ટેન્ક ફાર્મના વિકાસમાં ચાલી રહેલા સહકારને ધ્યાનમાં રાખીને, બંને નેતાઓએ પ્રાદેશિક ઉર્જા અને ઔદ્યોગિક હબ તરીકે ટ્રિન્કોમેલીના વિકાસને સમર્થન આપવાનો નિર્ણય લીધો.

**લોકો-કેન્દ્રિત ડિજિટાઇઝેશન**

15. ભારતના લોકો-કેન્દ્રિત ડિજિટાઇઝેશનના સફળ અનુભવ કે જેણે શાસનમાં સુધારો કરવામાં, સેવા વિતરણને રૂપાંતરિત કરવામાં, પારદર્શિતા વધારવામાં અને સામાજિક કલ્યાણમાં યોગદાન આપવામાં મદદ કરી છે તેને સ્વીકારતા રાષ્ટ્રપતિ દિસાનાયકે ભારતીય સહાયથી શ્રીલંકામાં સમાન પ્રણાલીઓની સ્થાપનાની શક્યતા શોધવામાં તેમની સરકારની રુચિ દર્શાવી. પ્રધાનમંત્રી મોદીએ આ સંદર્ભમાં શ્રીલંકાના પ્રયત્નોને સંપૂર્ણપણે ટેકો આપવા માટે ભારતની તૈયારી વિશે જણાવ્યું હતું. આ સંદર્ભમાં, બંને નેતાઓ આ માટે સંમત થયા:

i. શ્રીલંકા યુનિક ડિજિટલ આઇડેન્ટિફિકેશન (SLUDI) પ્રોજેક્ટના અમલીકરણને વેગ આપવો જેથી કરીને લોકોને સરકારી સેવાઓ પૂરી પાડવામાં મદદ મળી શકે;

ii. ભારતની મદદથી શ્રીલંકામાં ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) ને સંપૂર્ણપણે રોલ આઉટ કરવાના માર્ગો પર સહયોગ કરવો.

iii. શ્રીલંકામાં ડિજિલૉકરના અમલીકરણ પર ચાલુ તકનીકી ચર્ચાઓને આગળ વધારવા સહિત, ભારતમાં પહેલેથી સ્થાપિત અનુભવ અને પ્રણાલીના આધારે શ્રીલંકામાં DPI સ્ટેકના અમલીકરણને શોધવા માટે સંયુક્ત કાર્યકારી જૂથની સ્થાપના કરવી.

iv. બંને દેશોના લાભ માટે UPI ડિજિટલ ચુકવણીનો ઉપયોગ કરીને અને બંને દેશોની ચુકવણી સિસ્ટમ સંબંધિત રેગ્યુલેટરી ગાઇડલાઇનને ધ્યાનમાં રાખીને ડિજિટલ નાણાંકીય વ્યવહારોને પ્રોત્સાહન આપવું.

v. શ્રીલંકામાં સમકક્ષ પ્રણાલીઓની સ્થાપનાના લાભોની શોધ કરવા માટે ભારતના આધાર પ્લેટફોર્મ, GeM પોર્ટલ, PM ગતિ શક્તિ ડિજિટલ પ્લેટફોર્મ, ડિજિટાઈઝ્ડ કસ્ટમ્સ અને અન્ય કરવેરા પ્રક્રિયાઓમાંથી શીખવા માટે દ્વિપક્ષીય આદાન-પ્રદાન ચાલુ રાખવું.

**શિક્ષણ અને ટેક્નોલોજી**

16. શ્રીલંકામાં માનવ-સંસાધન વિકાસને સમર્થન આપવાના અને નવીનતા અને ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાના દ્રષ્ટિકોણ સાથે, બંને નેતાઓ આ માટે સંમત થયા:

i. કૃષિ, જળચર ઉછેર, ડિજિટલ અર્થવ્યવસ્થા, આરોગ્ય અને પરસ્પર હિતના અન્ય ક્ષેત્રો જેવા ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસમાં સહયોગને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરવો.

ii. બંને દેશોની શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહકારની સંભાવના તપાસવી.

iii. શ્રીલંકા સ્ટાર્ટ-અપ્સ માટે માર્ગદર્શન સહિત સ્ટાર્ટ-અપ ઇન્ડિયા અને શ્રીલંકાની માહિતી સંચાર ટેક્નોલોજી એજન્સી (ICTA) વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવું.

**વેપાર અને રોકાણ સહકાર**

17. બંને નેતાઓએ પ્રશંસા કરી હતી કે ભારત-શ્રીલંકા મુક્ત વેપાર કરાર (ISFTA) એ બંને દેશો વચ્ચેની વેપાર ભાગીદારીમાં વધારો કર્યો છે, અને સ્વીકાર્યું હતું કે વેપાર સંબંધોને વધુ વિસ્તૃત કરવાની અપાર સંભાવનાઓ છે. ભારતમાં આર્થિક વિકાસની ગતિ અને તકો તેમજ શ્રીલંકા માટે વેપાર અને રોકાણમાં વધારો કરવાની તેની સંભવિતતા પર ભાર મૂકતા બંને નેતાઓએ સંમતિ વ્યક્ત કરી કે હવે વેપાર ભાગીદારીને વધુ વધારવા માટે આ બાબતે પ્રતિબદ્ધ થવાનો સમય છે:

i. આર્થિક અને તકનીકી સહકાર કરાર પર ચર્ચાઓ ચાલુ રાખવી.

ii. બંને દેશો વચ્ચે INR-LKR વેપાર પતાવટમાં વધારો કરવો.

iii. શ્રીલંકાની નિકાસ ક્ષમતા વધારવા માટે તેના મુખ્ય ક્ષેત્રોમાં રોકાણોને પ્રોત્સાહન આપવું.

18. પ્રસ્તાવિત દ્વિપક્ષીય સામાજિક સુરક્ષા કરારના પ્રારંભિક અંતિમ સ્વરૂપ માટે ચર્ચાઓ ચાલુ રાખવાની જરૂરિયાત પર બંને નેતાઓ સંમત થયા હતા.

**કૃષિ અને પશુપાલન**

19. બંને નેતાઓએ આત્મનિર્ભરતા અને પોષણ સુરક્ષાને પ્રોત્સાહન આપવાના હેતુથી શ્રીલંકામાં ડેરી ક્ષેત્રના વિકાસ માટે ચાલુ સહયોગની પ્રશંસા કરી હતી.

20. રાષ્ટ્રપતિ દિસાનાયકે કૃષિના આધુનિકીકરણ પર ભાર મૂકીને, બંને નેતાઓ શ્રીલંકામાં કૃષિ ક્ષેત્રના વ્યાપક વિકાસની સંભાવનાઓની તપાસ કરવા માટે સંયુક્ત કાર્યકારી સમૂહ સ્થાપિત કરવા માટે સંમત થયા.

**વ્યૂહાત્મક અને સંરક્ષણ સહકાર**

21. ભારત અને શ્રીલંકાના સહિયારા સુરક્ષા હિતોને માન્યતા આપતા, બંને નેતાઓએ પરસ્પર વિશ્વાસ અને પારદર્શિતા પર આધારિત નિયમિત સંવાદના મહત્વને સ્વીકાર્યું અને એકબીજાની સુરક્ષા ચિંતાઓને પ્રાધાન્ય આપ્યું. કુદરતી ભાગીદારો તરીકે, બંને નેતાઓએ હિંદ મહાસાગર ક્ષેત્રમાં બંને દેશો દ્વારા સામનો કરવામાં આવતા સામાન્ય પડકારો પર ભાર મૂક્યો અને પરંપરાગત અને બિન-પરંપરાગત જોખમોનો સામનો કરવા તેમજ મુક્ત, ખુલ્લા સલામત અને સુરક્ષિત હિંદ મહાસાગર ક્ષેત્રને સુનિશ્ચિત કરવા સાથે મળીને કામ કરવાની તેમની પ્રતિબધ્દ્તાને પુનઃ પુષ્ટ કરી. ભારત શ્રીલંકાના સૌથી નજીકના દરિયાઇ પડોશી હોવાને કારણે, રાષ્ટ્રપતિ દિસાનાયકે ભારતની સુરક્ષા તેમજ પ્રાદેશિક સ્થિરતા માટે પ્રતિકૂળ કોઈપણ રીતે તેના પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી ન આપવાની શ્રીલંકાની સ્પષ્ટ સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો.

22. પ્રશિક્ષણ, વિનિમય કાર્યક્રમો, જહાજની મુલાકાતો, દ્વિપક્ષીય કવાયતો અને સંરક્ષણ ક્ષમતાઓને વધારવામાં સહાયતામાં ચાલી રહેલા સંરક્ષણ સહયોગ અંગે સંતોષ વ્યક્ત કરતા બંને નેતાઓ દરિયાઇ અને સુરક્ષા સહયોગને આગળ વધારવા સંમત થયા હતા.

23. રાષ્ટ્રપતિ દિસાનાયકે દરિયાઈ દેખરેખ માટે ડોર્નિયર એરક્રાફ્ટની જોગવાઈ, શ્રીલંકામાં મેરીટાઈમ રેસ્ક્યુ એન્ડ કોઓર્ડિનેશન સેન્ટરની સ્થાપના અને અન્ય સહાયતા માટે ભારતનો આભાર માન્યો જે દરિયાઈ ક્ષેત્રમાં જાગરૂકતા વધારવા માટે શ્રીલંકા માટે મહત્વપૂર્ણ છે. તેમણે માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત ક્ષેત્રે શ્રીલંકા માટે 'પ્રથમ પ્રતિસાદકર્તા' તરીકે ભારતની ભૂમિકાની વધુ પ્રશંસા કરી હતી. ખાસ કરીને, શંકાસ્પદ લોકો સાથે માદક દ્રવ્યોના મોટા પ્રમાણને જહાજો સહિત પકડવામાં ભારતીય અને શ્રીલંકા નૌકાઓના સહયોગના પ્રયત્નોમાં તાજેતરની સફળતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને રાષ્ટ્રપતિ દિસાનાયકે ભારતીય નૌસેના પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો.

24. વિશ્વસનીય અને ભરોસાપાત્ર ભાગીદાર તરીકે, ભારતે શ્રીલંકા સાથે તેની સંરક્ષણ અને દરિયાઇ સુરક્ષા જરૂરિયાતોને આગળ વધારવા અને તેના દરિયાઇ પડકારોને પહોંચી વળવા તેની ક્ષમતાઓને વધારવા માટે જરૂરી સહાયતા આપવા માટે તેની સતત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

25. આતંકવાદ, ડ્રગ/નાર્કોટિક્સની દાણચોરી, મની લોન્ડરિંગ જેવા વિવિધ સુરક્ષા જોખમોને ધ્યાનમાં લઈને, બંને નેતાઓ તાલીમ, ક્ષમતા નિર્માણ, અને ગુપ્ત માહિતી અને જાણકારીની વહેંચણીમાં ચાલી રહેલા પ્રયત્નોને વધુ મજબૂત કરવા સંમત થયા હતા. આ સંદર્ભમાં, તેઓ આ માટે સંમત થયા:

i. સંરક્ષણ સહકાર પર માળખાકીય સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવાની શક્યતાઓ શોધવા માટે;

ii. જળ વિજ્ઞાનમાં સહકારને પ્રોત્સાહન આપવું;

iii.. શ્રીલંકાની સંરક્ષણ ક્ષમતાઓને વધારવા માટે સંરક્ષણ પ્લેટફોર્મ અને સંપત્તિની જોગવાઈ;

iv. સંયુક્ત કવાયત, દરિયાઈ દેખરેખ અને સંરક્ષણ સંવાદ અને આદાન-પ્રદાન દ્વારા સહયોગને સઘન કરવા;

v. તાલીમ, સંયુક્ત કવાયત અને શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી સહિત આફત નિવારણ, રાહત અને પુનર્વસન પર શ્રીલંકાની ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે સહાય વિસ્તૃત કરવા; અને

vi. શ્રીલંકા સંરક્ષણ દળો માટે ક્ષમતા નિર્માણ અને તાલીમમાં વધારો કરવો અને જ્યાં પણ જરૂર પડે ત્યાં સુવ્યવસ્થિત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.

**સાંસ્કૃતિક અને પર્યટન વિકાસ**

26. તેમના સાંસ્કૃતિક સંબંધ, ભૌગોલિક નિકટતા અને સભ્યતા સંબંધી સંબંધોને રેખાંકિત કરતાં, બંને નેતાઓએ બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક અને પ્રવાસન સંબંધોને વધુ પ્રોત્સાહન આપવાની જરૂરિયાત સ્વીકારી. ભારત શ્રીલંકા માટે પ્રવાસનનો સૌથી મોટો સ્રોત રહ્યો છે તે જોતાં બંને નેતાઓએ આ માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી:

i. ચેન્નઈ અને જાફના વચ્ચે ઉડાનના સફળ પુનઃ પ્રારંભની નોંધ લેતા, ભારત અને શ્રીલંકાના વિવિધ સ્થળો માટે એર કનેક્ટિવિટી વધારવી.

ii. શ્રીલંકામાં હવાઈ મથકોના વિકાસ પર સતત ચર્ચાઓ કરવી.

iii. શ્રીલંકામાં પ્રવાસન માળખાના વિકાસ માટે ભારતીય રોકાણોને પ્રોત્સાહન આપવું.

iv. ધાર્મિક અને સાંસ્કૃતિક પર્યટનના વિકાસ માટે સુવિધાત્મક રૂપરેખા સ્થાપિત કરવી.

v.બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક અને ભાષાકીય સંબંધોના પ્રોત્સાહન અને પ્રગતિ માટે શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક જોડાણોને પ્રોત્સાહન આપવું.

**મત્સ્યોદ્યોગની સમસ્યાઓ**

27. બંને બાજુના માછીમારોને પડતી સમસ્યાઓનો સ્વીકાર કરીને અને આજીવિકાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને, નેતાઓ માનવતાવાદી રીતે આને સંબોધવાનું ચાલુ રાખવાની જરૂરિયાત પર સંમત થયા હતા. આ સંદર્ભમાં, તેઓએ કોઈપણ આક્રમક વર્તન અથવા હિંસા ટાળવા માટે પગલાં લેવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. તેમણે કોલંબોમાં મત્સ્ય પાલન પર છઠ્ઠી સંયુક્ત કાર્યકારી જૂથની બેઠકના તાજેતરના નિષ્કર્ષનું સ્વાગત કર્યું હતું. અગ્રણીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે સંવાદ અને રચનાત્મક જોડાણો દ્વારા લાંબા સમય સુધી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ પ્રાપ્ત કરી શકાય છે. ભારત અને શ્રીલંકા વચ્ચેના વિશેષ સંબંધોને જોતાં, તેમણે અધિકારીઓને આ મુદ્દાઓનું સમાધાન કરવા માટે તેમની સંલગ્નતા ચાલુ રાખવાની સૂચના આપી.

28. રાષ્ટ્રપતિ દિસાનાયકે શ્રીલંકામાં મત્સ્ય પાલનના ટકાઉ અને વ્યવસાયિક વિકાસ માટે ભારતનો આભાર વ્યક્ત કર્યો, જેમાં પોઇન્ટ પેડ્રો ફિશિંગ હાર્બરનો વિકાસ, રાયનગર બોટિયાર્ડના પુનર્વસન અને ભારતીય સહાય દ્વારા જળચર ઉછેરમાં સહકારનો સમાવેશ થાય છે.

**પ્રાદેશિક અને બહુપક્ષીય સહયોગ**

29. હિંદ મહાસાગર ક્ષેત્રમાં સહિયારી દરિયાઈ સુરક્ષા હિતોને માન્યતા આપતા, બંને નેતાઓ દ્વિપક્ષીય અને હાલના પ્રાદેશિક માળખા દ્વારા પ્રાદેશિક દરિયાઈ સુરક્ષાને મજબૂત બનાવવા સંયુક્ત રીતે આગળ વધવા સંમત થયા હતા. આ સંદર્ભમાં, નેતાઓએ કોલંબોમાં મુખ્યમથક ધરાવતા કોલંબો સુરક્ષા કોન્ક્લેવના સ્થાપક દસ્તાવેજો પર તાજેતરના હસ્તાક્ષરનું સ્વાગત કર્યું. કોન્ક્લેવના ઉદ્દેશ્યોને આગળ વધારવા માટે ભારતે શ્રીલંકાને તેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

30. ભારતે IORA ના શ્રીલંકાના અધ્યક્ષપદ માટે પોતાનો સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું. બંને નેતાઓએ આ ક્ષેત્રમાં તમામની સુરક્ષા અને વિકાસ માટે IORA સભ્ય દેશો દ્વારા એક મહત્વપૂર્ણ કાર્ય યોજનાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

31. બંને નેતાઓએ BIMSTEC હેઠળ પ્રાદેશિક સહકારને વધુ મજબૂત બનાવવા અને વધારવા માટેની તેમની પ્રતિબદ્ધતાની પણ રૂપરેખા આપી છે.

32. રાષ્ટ્રપતિ દિસાનાયકે વડાપ્રધાન મોદીને BRICS ના સભ્ય બનવા માટે શ્રીલંકાની અરજીને સમર્થન આપવા વિનંતી કરી હતી.

33. પ્રધાનમંત્રી મોદીએ 2028-2029 માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં બિન-કાયમી સીટ માટે ભારતની ઉમેદવારી માટે શ્રીલંકાના સમર્થનનું સ્વાગત કર્યું હતું.

**નિષ્કર્ષ**

34. નેતાઓએ નોંધ્યું હતું કે સંમત પગલાંઓનું અસરકારક અને સમયસર અમલીકરણ, બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને ગાઢ કરશે અને મૈત્રીપૂર્ણ અને પડોશી સંબંધો માટે નવા ધોરણમાં રૂપાંતરિત કરશે. તદનુસાર, નેતાઓએ તેમના અધિકારીઓને સમજૂતીના અમલીકરણ માટે જરૂરી પગલાં શરૂ કરવા નિર્દેશ આપ્યો અને જરૂરી હોય ત્યાં માર્ગદર્શન આપવા સંમત થયા હતા. તેઓએ આગળ પરસ્પર લાભદાયી દ્વિપક્ષીય સંબંધોને ગુણાત્મક રીતે વધારવા, શ્રીલંકાની ટકાઉ વિકાસલક્ષી જરૂરિયાતો પૂરી કરવા અને હિંદ મહાસાગર ક્ષેત્રની સ્થિરતામાં યોગદાન આપવા માટે નેતૃત્વ સ્તરે જોડાણ ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો. રાષ્ટ્રપતિ દિસાનાયકે પ્રધાનમંત્રી મોદીને તેમની વહેલી તકે શ્રીલંકાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.